# સૂઈગામ ખાતે બીએસએફની ચારસો દસ કીમી લાંબી ''કેમલ સફારી'' યાત્રાનું સમાપન

તસવીર : ધનેશ પરમાર, ડીસા



ડીસા, તા. ૨૦

દેશના સરહદી વિસ્તાર એવા રાજસ્થાન અને બનાસકાંઠામાં સરહદે દેશની રક્ષા કરતા સીમા સુરક્ષા દળના જવાનો દ્વારા દર વર્ષે નાગરીકો પોતાને સુરક્ષીત સમજે, અને લોકોમાં દેશભક્તિ તેમજ રાષ્ટ્રમની ભાવના જાગૃત બને તે માટે ઉંટ પર સવાર થઈ કેમલ સફારી યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ યાત્રા રાજસ્થાન રાજ્યના બાડમેર જીલ્લાના મુનાબાવ ગામેથી સુઈગામ સુધી રખાઈ હતી. આ યાત્રામાં ભાગ લેનાર સીમા સુરક્ષા દળના જવાનોએ અંદાજીત અગીયાર દિવસના કઠીન પરિશ્રમ બાદ ચારસો દસ કિલોમીટરનું અંતર પસાર કરી આખરી પડાવ સુઈગામ ખાતે આવી પહોંચતા ગઈ કાલે રવિવારે સાંજે તેમનું બોર્ડર સીક્યુરીટી ફોર્સના ઉચ્ચ અધિકારીઓએ દબદબાભેર સ્વાગત કરી તેમને શીલ્ડ અને સન્માન પત્ર એનાયત કરી તમામનું બહુમાન કર્યુ હતુ. ગુજરાતના ગાંધીનગર બી.એસ.એફ. ડી.આઈ.જી. સેકટર રેન્જ તેમજ આંતરરાજ્ય રાજસ્થાનના બાડમેર ખાતેના બી.એસ.એફ. ડી.આઈ.જી. સેકટર રેન્જ દ્વારા સંયુક્ત રીતે ''કેમલ સફારી'' ૨૦૧૨ યાત્રાનું આયોજન કરાયુ હતુ. આ યાત્રા દર વર્ષે બોર્ડર સીક્યુરીટી ફોર્સના જવાનો દ્વારા ઉંટ પર સવાર થઈ કાઢવામાં આવે છે. આ યાત્રાનો એક માત્ર ઉદેશ સરહદી વિસ્તારમાં લોકો પોતાને સુરક્ષીત અને ભય મુક્ત માની નિર્ભયતાથી જીવન જીવે તેમજ દરેક નાગરીકોમાં રાષ્ટ્રમની તેમજ દેશભક્તિની ઉન્નત ભાવના પેદા થાય તેઓ છે. જેમાં આંતરરાજ્ય રાજસ્થાનના બાડમેર જીલ્લાના મુનાબાવ ગામેથી ૧૦મી નવેમ્બર ૨૦૧૨ના રોજ આ યાત્રાનું "સ્થાન કરવામાં આવ્યુ હતુ. જેમાં અનેક સીમા સુરક્ષા બળના જવાનો જોડાયા હતા. આ સમગ્ર યાત્રામાં વાહન તરીકે રણ "દેશના વાહન તરીકે ઓળખાતા ઉંટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાડમેરના મુનાબાવ ગામેથી શરૂ કરેલ આ યાત્રા ચારસો દસ કિ.મી. લાંબી સફર બાદ સુઈગામ ખાતે તેની મંઝીલે આવવાની હતી. જેમાં રસ્તામાં અનેક નાના મોટા સરહદી ગામો આવતા હોઈ આ યાત્રા જ્યાં જ્યાંથી પસાર થઈ ત્યાંના રહીશોએ તેમજ આ વિસ્તારમાં આવેલ બી.એસ.એફ. ૧૦૭, ૯૯, ૮૧, ૭૮ બટાલીયન જવાનોએ પણ દેશના ખમીરવંતા સૈનિકોનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ યાત્રા અંદાજીત અગીયાર દિવસ બાદ ગઈકાલે રવિવારની સાંજે સુઈગામ ખાતે આવતા તમામ જવાનોનું સુઈગામ વાસીઓએ અબીલ ગુલાલ અને ઢોલ નગારા વગાડી દબદબાભર્યુ સ્વાગત કર્યુ હતુ. જ્યારે ૪૧૦ કિલોમીટર જેટલી લાંબી મંઝીલ પાર કરી ઉત્સાહ ભેર સુઈગામ પહોંચેલા તમામ જવાનોનું બી.એસ.એફ. ડી.આઈ.જી. દ્વારા શીલ્ડ અને સન્માન પત્ર આપી ઉમળકા ભેર સ્વાગત કરાયુ હતુ. આ "સંગે બી.એસ.એફ. ૭૮ બટાલીયન દ્વારા સૂઈગામ ખાતે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સ્થાનીકોએ ભાગ લઈ ફ્રી સારવાર લીધી હતી. સીમા સુરક્ષા બળ દ્વારા આયોજીત કેમલ સફારી ૨૦૧૨ની સુઈગામ ખાતે પૂર્ણાહુતી થતાં સમગ્ર વિસ્તાર દેશભક્તિ રંગે રંગાયો હતો.

# પાલનપુરમાં ૨૫ થી વધુ દુકાનો-ઓફીસોમાં ચોરી કરનારો રીઢો ચોર ઝડપાયો

પાલનપુર, તા. ૨૦

પાલનપુર શહેર વિસ્તારમાં દુકાનો તથા ઓફીસોમાં તાળા તોડી મોટાભાગે કોમ્પ્યુટર લેપટોપ, એલસીડી, હોમથીયેટર જેવા વીજ ઉપકરણોની ચોરીનો માહીર રીઢો ચોર આજે પાલનપુર હાઈવે એરોમાં સર્કલથી એલ.સી.બી. પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

પાલનપુર એલસીબી પી.આઈ. જી.આર. રબારી તથા એસઓજી પીએસઆઈ એમ.એમ. ગઢવી સ્ટાફ સાથે હાઈવે પર પેટ્રોલીંગમાં હતા દરમિયાન એરોમાં સર્કલ પાસે યોગેશ ગોરધનભાઈ પઢીયાર રહે. ઢુંઢીયાવાડી, પાલનપુરવાળો શકમંદ હાલતમાં થેલા સાથે પોલીસે પકડતા તેના થેલામાંથી દુકાન તોડવા માટે ખીલાસરીનો સળીઓ તથા ડીસમીસ મળી આવેલ જે બાબતે તેની ઉલટ-તપાસ કરતા તેણે પાલનપુર શહેરમાં અલગ-અલગ જગ્યાએથી ૨૫ થી વધુ દુકાનો, ઓફીસોના તાળા તોડી અંદરથી કોમ્પ્યુટર, એલસીડી, લેપટોપ હાર્ડડીસ્ક હોમથીયેટર કોમ્પ્યુટરના સીપીયુ મીક્સર વગેરેની ચોરીઓ કરેલ હોવાથી કબુલાત કરી હતી જેમાંથી પોલીસે કોમ્પ્યુટરના સીપીયુ નંગ-૫ એલસીડી નંગ-૫ તથા હોમ થીયેટર નંગ-૩ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચૂંટણી સંબંધી ફરિયાદ કે રજુઆત માટે ૧૮૦૦૨૩૩૨૭૪૨ ઉપર સંપર્ક કરો

પાટણ, તા. ૨૦

ચૂંટણી અંગે મતદારોને રીઝવવા પૈસા,સાધનસામગ્રી કે અન્ય કોઈ વસ્તુનું વિતરણ થવાનું હોય કે થતું હોય તેમજ ચૂંટણી ખર્ચ સંબંધી કોઈ ગેરરીતી અંગે કોઈ ફરિયાદ કે રજુઆત હોય તો ૧૮૦૦૨૩૩૨૭૪૨ ઉપર ગમે ત્યારે સંપર્ક કરી શકાશે. આ નંબર ચોવીસ કલાક કાર્યરત હોઈ કોઈપણ નાગરિકની ફરિયાદ કે રજુઆત આપોઆપ ફોનમાં જ રેકર્ડ થઈ જતી હોઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

# ડીસામાં જલારામ જન્મજયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

ડીસા, તા.૨૦

ડીસામાં જલારામ બાપાની ૨૧૩મી જન્મજયંતિની ડીસા જલારામ યુવક મંડળ અને સમસ્ત લોહાણા સમાજ દ્વારા ધામધુમપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રઘુવંશી લોહાણા અને અન્ય લોકો જોડાયા હતા.

સોમવારે જલારામ મંદિરથી શહેરના વિવિધ માર્ગો પર વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. જેમાં જય જલારામ યુવક મંડળના યુવાનો મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. બપોરે આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણીના સાંનિધ્યમાં યોજાયો હતો જયારે મંગળવારે સવારે જલારામ બાપાનું પૂજન અર્ચન અને જન્મોત્સવની ઉજવણી ભારે ધામધૂમપૂર્વક શરુ કરાઈ હતી. સંતવાણી કાર્યક્રમમાં નામાંકિત કલાકારો અને ભજનિકોએ લોકોને ડોલાવ્યા હતા. ભણશાળી ટ્રસ્ટના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

ત્યાર બાદ બપોર સુધી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં હજારો લોકોએ ભાગ લીધો હતો. બપોરે અઢી વાગે જલારામ બાપાની શોભાયાત્રા શહેરની વિવિધ રૂટો પર ફરી હતી. જયારે રાત્રે ૯ કલાકે શ્રી રામદૂત પરિવાર દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું હતું.

# મહેસાણા જિલ્લામાં ચૂંટણીમાં મતદારોને મતદાન સ્લીપ અપાશે

મહેસાણા, તા.૨૦

ચુંટણી પંચ દ્વારા મતદારો મતદાન કરી શકે તે માટે દરેક મતદારને મતદાન સ્લીપ મળી જાય તે માટેની વ્યવસ્થા કરાઈ છે. જેમાં મતદાર મતાધિકારથી વંચિત ન રહે અને તેને મત આપવાનો છે તેની જાણ થાય તે માટે આ અભિગમ ચૂંટણી પંચ દ્વારા શરુ કરાયો છે. ચુંટણી પંચ દ્વારા ફોટોવાળી મતદાર યાદી તૈયાર કરાઈ છે. જેના આધારે મતદાર મતદાન કરી શકશે. આ મતદાર યાદી બે ભાગમાં વહેંચવામાં આવી છે. આ મતદાર સ્પીલમાં મતદાનનું સ્થળ, ભાગ સહિત બુથ લેવલ ઓફિસરનો ટેલીફોન નંબર, ચુંટણી કંટ્રોલ રૂમનો ટેલીફોન નંબર, સ્થાનિક પોલીસનો ટેલીફોન નંબર રહેશે.

મતદાર સ્લીપ દરેક મતદારને બુથ લેવલ ઓફિસર ઘરે જઈને મતદાન સ્લીપની વહેંચણી કરશે. આ ઉપરાંત એક નકલ બુથ લેવલ ઓફિસર તેની પાસે રાખશે જેના આધારે મતદાર મતદાન કરી શકશે. આ સ્લીપ મતદાન માટે માન્ય પુરાવો ગણાશે.

# પાટણના સબોસણથી રણુંજા પગપાળા સંઘનું ડીસામાં આગમન

ડીસા, તા. ૨૦

રાજસ્થાનના રણુંજા સ્થિત બિરાજમાન રામદેવજીના સ્થાનકે હજારો લોકો પગપાળા પહોંચી શિષ નમાવે છે ત્યારે પાટણના સબોસણથી રણુંજા નીકળેલ પગપાળા યાત્રાસંઘ ડીસા આવી પહોંચતા મહાકાળી મંદિર ખાતે ગોપાલ સેના દ્વારા સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું.

પાટણ તાલુકાના સબોસણ ગામના સરપંચ અને સહકારી આગેવાન અભુભાઈ ધનાભાઈ દેસાઈ (મકવાણા)ની આગેવાની હેઠળ સબોસણથી રણુંજા પગપાળા યાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું.

પગપાળા યાત્રા સંઘે શુક્રવારે સબોસણથી પ્રસ્થાન કરી શનિવારે ડીસા મહાકાળી મંદિર ખાતે આવી પહોંચતા ગોપાલ સેનાના નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા), ડીસા વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ અને રબારી સમાજના યુવા અગ્રણી અમરતભાઈ દેસાઈ, વાહતાભાઈ ભોંકુ, બાબુભાઈ દેસાઈ (ભોંકુ) સહિતે પગપાળા યાત્રિકોનું સ્વાગત સામૈયું કર્યું હતું. પગપાળા યાત્રા સંઘમાં સબોસણના સરપંચ અનુભુભાઈ દેસાઈ, દેવકણભાઈ મકવાણા, જલુભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, મોતીભાઈ મકવાણા સહિત રબારી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માટે ઉમેદવારે લેવાના શપથ જોગ

પાટણ, તા. ૨૦

વિધાનસભા સામાન્ય ચૂંટણીઓમાં ઉમેદવારી કરવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ ભારત સંવિધાનની કઈમ-૧૭૩(ક) ની જોગવાઈ અનુસાર નિયત નમૂનામાં ચૂંટણી આયોગ ધ્વારા તે હેતુ માટે અધિકૃત કરાયેલ વ્યકિત સમક્ષ ઉમેદવારે શપથ કે -તિજ્ઞા લઈને તેમાં સહી કરવાની રહેશે અને તે જ ઉમેદવાર વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર રહેશે.

ચૂંટણી પંચે ઉમેદવારોની અનુકૂળતા ખાતર સંબધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી ઉપરાંત બધા સવેતન ઈલાકા મેજીસ્ટ્રેટ અને સવેતન -થમ વર્ગના મેજીસ્ટ્રેટ , બધા જિલ્લા ન્યાયધીશ અને જિલ્લા ન્યાયધીશ સિવાય રાજયના અદાલતી સેવામાંની વ્યકિતઓ, ઉમેદવાર જેલમાં હોય તો જેલના અધિક્ષક, ઉમેદવાર નિવારક અટકાયત હેઠળ હોય તો અટકાયત કેમ્પના કમાન્ડન્ટ, ઉમેદવાર માંદગી અથવા કોઈ કારણસર હોસ્પીટલમાં અથવા અન્ય કોઈ સ્થળે પથારીવશ હોય તો હોસ્પીટલના ઈન્ચાર્જ તબીબી અધિક્ષક અથવા તેની સારવાર કરતાં તબીબ, ઉમેદવાર ભારત બહાર હોય તો ઉમેદવાર જે દેશમાં હોય તે દેશ ખાતેના ભારતના રાજનયિક અથવા કોન્સ્યુલર -તિનિધિ અથવા આવા કોઈ રાજનયિક કોન્સ્યુલરએ અધિકૃત કરેલ કોઈ વ્યકિતઓને અધિકૃત કરેલ છે જેમની સમક્ષ ઉમેદવાર શપથ કે -તિજ્ઞા લઈને તેમાં સહી કરશે. ઉમેદવારે ચૂંટણી ઉમેદવારી પત્ર રજૂ કર્યા બાદ જ તે શપથ કે -તિજ્ઞા લઈ અને શપથ કે -તિજ્ઞા પત્રમાં સહી કરી શકશે. તે ઉપરાંત સર્વોચ્ચ અદાલતના નિર્ણય અનુસાર ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ પહેલાં એટલે કે આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભમાં -થમ તબકકા માટે તા.૨૬/૧૧/૨૦૧૨ પહેલાં તથા બીજા તબકકા માટે તા. ૧/૧૨/૨૦૧૨ પહેલાં જ શપથ કે -તિજ્ઞા લેવાની રહેશે અને તેમાં સહી કરવાની રહેશે. ઉમેદવારી ભર્યા બાદ તરત જ ઉમેદવાર દ્વારા શપથ લેવામાં આવે તે ઈચ્છનીય છે તેમ મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

# પાટણ જિલ્લાની ચાર બેઠકો માટે નોટીફિકેશન સાથે ચૂંટણી મહાસંગ્રામ શરૂ થશે

## ૩૦મી નવેમ્બર સુધી ફોર્મ સ્વીકારાશે - ૧૭મી ડીસેમ્બરે મતદાન

પાટણ, તા. ૨૦

ગુજરાત રાજયની ૧૩મી ગુજરાત વિધાનસભાની રચના માટે રાજયના મતદારો ૧૮૨ બેઠકો માટે બે તબકકામાં મતદાન કરશે.-થમ તબકકામાં ૧૩મી ડીસેમ્બરે અને બીજા તબકકામાં ૧૭મી ડીસેમ્બરે મતદાન થશે. પાટણ જિલ્લાની ચાર બેઠકો માટે તા.૨૩ નવેમ્બરના શુક્વારના રોજ જાહેરનામુ -સિધ્ધ થતાં નવી સરકારના ઉમેદવારો માટે રાજકારણનો મહાસંગ્રામ શરૂ થશે. ૧૬-રાધનપુર વિધાનસભાના ઉમેદવારો ચૂંટણી અધિકારી -ાંત કચેરી રાધનપુર,૧૭-ચાણસ્મા વિધાનસભાના ઉમેદવારો ચૂંટણી અધિકારી -ાંત કચેરી ચાણસ્મા,૧૮-પાટણ વિધાનસભાના ઉમેદવારો ચૂંટણી અધિકારી -ાંત કચેરી પાટણ,૧૯- સિધ્ધપુર વિધાનસભાના ઉમેદવારો ચૂંટણી અધિકારી -ાંત કચેરી સિધ્ધપુર ખાતે જઈ ઉમેદવારી પત્રો તા.૩૦/૧૧/૨૦૧૨ સુધી ભરી શકશે. ફોર્મ ભરવા જતી વેળાએ ઉમેદવારો,ટેકેદારો,રાજકીય પક્ષના કાર્યકરો સરકારી કચેરીઓ અને આસપાસના વિસ્તારોમાં ઢોલ નગારા કે સરઘસ- ટોળાં સાથે આવી શકશે નહીં. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી- પાટણ તરફથી અમલીકરણ માટે જાહેર નામુ -સિધ્ધ કરવામાં આવશે. પાટણ જિલ્લાની આ ચાર બેઠકો માટે ભરવામાં આવેલ ફોર્મ તા.૧/૧૨/૨૦૧૨ના રોજ ચકાસવામાં આવશે અને ઉમેદવારી પત્રો તા ૩/૧૨/૨૦૧૨ સુધીમાં પાછા ખેંચી શકશે.મતદાન ૧૭મી ડીસેમ્બરે અને મતગણતરી ૨૦મી ડીસેમબરે થશે તેમ જિલ્લા ચુંટણી અધિકારી / જિલ્લા કલેકટર જે.જી હિંગરાજીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.



# પ્રાંતિજ ભાજપ કાર્યકરોનું સ્નેહમિલન યોજાયું

પ્રાંતિજ શહેર-તાલુકા ભાજપ સમિતિ આયોજીત ભાજપ કાર્યકરોનું સ્નેહમિલન પ્રાંતિજના દશામાતા મંદિર ખાતે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર ભાઈ-બહેનો જોડાયા હતા અને શિવસેના પ્રમુખ સ્વ. બાલાસાહેબ ઠાકરેને શ્રદ્ધાંજલિ આપી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્નેહમિલનમાં સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, મંત્રી જયસિંહ ચૌહાણ, દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ રાઠોડ, ઉષાબેન, સોનલબેન, નિત્યાંનંદ બ્રહ્મભટ્ટ, રાજુભાઈ બારોટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મધુસૂદન મિસ્ત્રીની સમન્વય સમિતિમાં નિમણૂકથી સાબરકાંઠા કોંગ્રેસમાં ખુશીના માહોલનું નિર્માણ

## કોંગ્રેસના કાર્યકરોએ અભિનંદનની ઝડીઓ વરસાવી

હિંમતનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં કોંગ્રેસ લોકસભાની ચૂંટણીઓની તૈયારીઓ આરંભી દીધી છે અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંધીના અધ્યક્ષપણા હેઠળ સમન્વય સમિતિની રચના કરી છે. જેમાં એ.આઈ.સી.સી.ના મહામંત્રી અને સાબરકાંઠાના પૂર્વ સાંસદ મધુસૂદન મિસ્ત્રીને સ્થાન આપતાં સાબરકાંઠા જિલ્લાના કોંગ્રેસ કાર્યકરો ગેલમાં આવી ગયા છે.

દિપાવલી પર્વની ઉજવણી બાદ રાજકીય પક્ષોના અગ્રણીઓ ગુજરાત વિધાનસભાની ચૂંટમીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અને જિલ્લાનાં જુદા જુદા મથકો ઉપર સ્નેહ સંમેલનોના આયોજન થઈ રહ્યાં છે. તે દરમિયાન કોંગ્રેસ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટમી અગાઉ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે શસ્ત્રો સજી લીધા છે. અને ઉમેદવારોની પસંદગી તેમજ પ્રચાર અને પ્રચાર માટેની સમિતિઓ બનાવી જાહેરાત કરી છે. રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં સમન્વય સમિતિ બનાવવામાં આવી છે. જેમાં એ.આઈ.સી.સી.ના મહામંત્રી અને સાબરકાંઠાના પૂર્વ સાંસદ મધુસૂદન મિસ્ત્રીને સભ્ય પદે નિમણૂંક કરવામાં લહેર પ્રસરી જવા પામી છે. તેમની નિમણૂકને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મંત્રી અશોક પટેલ, બળવતસિંહ દેવડા, મીડિયા કન્વીનર ફારૂક ખણસીયા, પૂર્વ મંત્રી વી.ડી. ઝાલા, પ્રદેશ કોંગ્રેસ મંત્રી મણીલાલ વાઘેલા, ગોપાલસિંહ રાઠોડ, યુવા પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, યુસુફ બચ્ચા, રઈસા બાનુ પઠાણ, નિર્મળાબેન પંચાલ સહિત કોંગ્રેસ કાર્યકરોએ આવકારી અભિનંદન પાઠવ્યાં છે.

# લક્ષ્મીપુરામાં ચૂંટણીને અનુલક્ષી આર્મીની ફલેગ માર્ચ યોજાઈ

## ગામલોકોમાં કુતૂહલ બાદ રાહતની લાગણી ફેલાઈ

લક્ષ્મીપુરા, તા.૨૦

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામ સહિત અન્ય ગામોમાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે તાલુકાના માર્ગો પર આજે આર્મીની ટુકડીની ફલેગ માર્ચ યોજાઈ હતી.

મળતી માહિતી અનુસાર લક્ષ્મીપુરા ગામ ખેડબ્રહ્મા તાલુકામાં આવેલું અને પ્રકૃતિની ગોદમાં વસેલું ગામ છે. અહીં અંદાજે ૬ થી ૭ હજારની વસ્તી રહે છે. પરંતુ આગામી ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીનો અનુલક્ષીનો કાયદો અનો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અનો કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ના ઘટે તે માટે તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. વી.એલ. પટેલની આગેવાનીમાં તાલુકાના વિવિધ માર્ગો પર લશ્કરી ટુકડીની ફલેગ માર્ચ યોજાઈ હતી. જેનો પરિણામરૂપ નાના બાળકો તથા મોટેરા સર્વેમાં કુતુહલવૃત્તિ પેદા થઈ હતી. સરકારે પોતાની ફરજના ભાગ રૂપે આવી કામગીરી કરવી પડતી હોય છે તે જાણ્યા પછી ગામની આસપાસના વિસ્તારમાં લોકોએ રાહત અને શાંતિ અનુભવી હતી.

# બેંક છેતરપિંડીના કેસમાં આરોપીની ધરપકડ થઈ

અમદાવાદ,તા. ૨૦

પોલીસે બેંક છેતરપિંડીના મામલમાં છેલ્લા ૧૧ વર્ષથી ફરાર આરોપીને વાસણામાંથી પકડી પાડવામાં સફળતા મેળવી છે. બેંક છેતરપિંડી મામલામાં વર્ષ ૨૦૦૧માં આરોપી પ્રકાશભાઈ મગનલાલ પ્રજાપતિ(રહે ચિત્રકુટ સોસાયટી, ઘોડાસર) ફરાર થઈ ગયો હતો. આજે બપોરે ૩.૩૦ વાગ્યે તેની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. બાતમીના આધાર પર તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ આકરી પુછપરછ થઈ રહી છે.

# ત્રીજી વખત લગ્ન કરવા કન્યા ન મળતા આપઘાત

વડોદરા,તા. ૨૦

બે વખત છુટાછેડા થયા બાદ ત્રીજી વખત લગ્ન માટે યુવતિ નહિં મળતા યુવકે આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. આજે વહેલી પરોઢે આ યુવાને ઘરમાં જ પંખા પર લટકીને આત્મહત્યા કરી લીધી હતી. મળેલી વિગત મુજબ વડોદરા શહેરના હરણીવારસિયા રિંગ રોડ પર ગોવર્ધન પાર્ક સોસાયટીમાં રહેનાર ૩૯ વર્ષિય વિનોદ મુળજી પરમારે આત્મહત્યા કરી લીધી હતી. તેઓ કાપડની દુકાનમાં નોકરી કરતો હતો.

તેના બે વખત લગ્ન થયા હતા પરંતુ કોઈ કારણસર છુટાછેડા થઈ ગયા હતા. છેલ્લા ઘણા સમયથી યુવક ત્રીજી વાર લગ્ન કરવા યુવતિ શોધી રહ્યો હતો. માતાને આ બનાવ અંગે સૌથી પહેલા જાણ થઈ હતી. પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

SANGHI CEMENT
KisaN
VINAYAK500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729